ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૮ ટકા

**ગાંધીનગર તાપમાન**

# ડ્રેનેજ સફાઈ માટે ઉતરેલા બે કામદારો બેભાન

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં ડ્રેનેજ લાઈનની સાફ સફાઈ માટે ઉતારવામાં આવતા સફાઈ કામદારોને કોઈ પણ પ્રીકોશન રાખ્યા વગર કામે મોકલી દેવામાં આવતા આ પ્રકારની ગેસ ગળતરની ઘટનાનો સામનો કામદારોએ કરવો પડે છે. અગાઉ ગેસ ગળતરથી સફાઈ કામદારોના મૃત્યુની ઘટનાઓ ગાંધીનગરમાં બની ચુકી હોવા છતાં આ પ્રકારની ગંભીર ભુલ કોન્ટ્રાકટરો દ્વારા દોહરાવાઈ રહી હોવાનું ધ્યાને આવ્યું છે. આજે સેકટર-૧૯ ખાતે પુનિત વન નજીક ક-ટાઈપના સરકારી બંગલાઓ નજીક ગટરમાં ઉતરેલા બે સફાઈ કામદારો ગેસ ગળતરથી બેભાન થઈ જવા પામ્યા હતા. સદભાગ્યે બંને કામદારોને સમયસર બહાર નિકાળી દેવાતા બંનેના આબાદ બચાવ થઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ શહેરના વીવીઆઈપી ગણાતા સેકટર-૧૯ ખાતે પુનિત વન નજીક ક ટાઈપના સરકારી બંગલા નજીક ખુલ્લી ગટરમાં જેટીંગ મશીનની પાઈપમાં નોઝલ નાંખવાનું કામ કરવાનું હતું. આ કામ માટે બે કામદારો ધર્મેન્દ્ર પુરબીયા અને અનિલ પુરબીયા આવ્યા હતા. અનિલે ધર્મેન્દ્રને ગટરમાં નોઝલ નાંખવા ઉતાર્યો પરંતુ ગેસથી પળવારમાં જ તે બેભાન થઈને અંદર પડયો હતો. ધર્મેન્દ્રને બેભાન થઈને પડતા જોઈ અનિલ ગભરાઈ ગયો હતો અને અનિલ પણ ગટરમાં ધર્મેન્દ્રને બચાવવા ઉતરી પડયો હતો. બંને કામદારો ગટરમાં ઉતર્યા અને બંને બેભાન થઈ ગયા હતા. નજીકમાં કામ કરતા કામદારોનું ધ્યાન પડતા તાત્કાલીક ત્યાં પહોંચી ગયા હતા અને ગટરમાં દોરડું નાંખી તાત્કાલિક બંનેને બહાર કાઢી દઈ ફાયરબ્રિગેડ અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ બોલાવી લેવાઈ હતી. બહાર નિકાળી દેવાયેલા બંનો કામદારોને ૧૦૮ની ટીમે તબીબી પરીક્ષણ કર્યું હતું. બંનેની તબીયત ગણતરીની મીનીટોમાં સુધારા પર જણાતા અન્ય કામદારોએ તથા ૧૦૮ અને ફાયર બ્રિગેડની ટીમે હાશકારો અનુભવ્યો હતો.



# જિલ્લામાં હોમગાર્ડ્ઝ યુનિટમાં ભરતી કાર્યક્રમ

## હોમગાર્ડઝની ખાલી પડેલ જગ્યાઓમાં માનદ સેવા આપવા ઈચ્છતા ઉમેદવારોની ભરતી કરાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લાના વિવિધ યુનિટોમાં ખાલી પડેલી હોમગાર્ડની જગ્યાઓ પર માનદ સેવા આપવા ઈચ્છતા નગરજનોની ભરતી કરવાનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે. જિલ્લાના રખિયાલ, ડભોડા, ચિલોડા, ઉનાવા, મોટી આદરજ, ટીંટોડા, ઉવારસદ, દહગામ અને કલોલના હોમગાર્ડઝ યુનિટોમાં મેલ-ફીમેલ ઉમેદવારોની ભરતી કરવામાં આવનાર છે. ધો-૭ પાસ અને ભરતીની તારીખે ઉંમર ૧૮ વર્ષથી ૫૦ વર્ષ વચ્ચે હોવી એ લઘુત્તમ લાયકાત છે. ભરતી કાર્યક્રમ વાસન હિતવર્ધક કેળવણી મંડળ (શાળાના મેદાનમાં) વાસન ગામમાં રાખવામાં આવ્યો છે. ભરતી ઈચ્છુક ઉમેદવારોએ સંબંધીત હોમગાર્ડઝ યુનિટ કચેરીમાંથી અરજી ફોર્મ મેળવી તેને ભરીને જરુરી પ્રમાણપત્રો સાથે તે જ યુનિટ કચેરીએ જમા કરાવવાનું રહેશે. કલોલ યુનિટમાં ૩૦ જુલાઈ, ચિલોડા-ડભોડા યુનિટમાં ૧૭ ઓગષ્ટ, દહેગામમાં ૨૦ ઓગષ્ટ, ઉનાવા-રખિયાલ યુનિટમાં ૨૫ ઓગષ્ટ અને આદરજ, ટીંટોડા તથા ઉવારસદ યુનિટમાં ૨૭ ઓગષ્ટે સવારે ૭ થી ૮ સુધીમાં વાસન ગામે શાળાના મેદાનમાં હાજર રહેવા જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ દ્વારા અખબારીયાદીમાં જણાવવામાં આવ્યું છે.

## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં પોપટા જરદાલુના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે મકાઈના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● દાદા ભગવાન પરિવાર ગાંધીનગર દ્વારા સાપ્તાહિક સત્સંગ સે-૧૨ બલરામ ભવન ખાતે રાત્રે ૮ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

● સુંદરકાંડ પાઠ સે-૨૯ જલારામ ધામ ખાતે સવારે ૧૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન શૈલેષભાઈ ઠકકરના યજમાનપદે અને કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે યોજાશે.

● નાયબ કાર્યપાલક ઈજનેર એસોસીએશનની સામાન્ય સભા સવારે ૧૦ કલાકે આંબેડકર હોલ, સે-૧૨ ખાતે યોજાશે.

● ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક સાંજે ૫.૦૦ કલાકે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે મળશે.

# અશ્વિનભાઈ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટમાં નવા સ્વયંસેવકોને આવકારાયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૨૩ સ્થિત અશ્વિનભાઈ કોમર્સ કોલેજ દ્વારા એનએસએસ યુનિટના નવા સ્વયંસેવકોને આવકારવા સાથે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યા ડૉ. વિજ્ઞાબેન ઓઝાએ વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું.



કાર્યક્રમમાં એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવીએ સ્વયંસેવક તરીકે પોતાની જવાબદારી કેવી રીતે નિભાવવી તે અંગે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. કાર્યક્રમમાં પ્રો. સમીર પંડયા અને પ્રો. ધર્મેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. વ્યકિતત્વ થકી વિકાસ આ કાર્યક્રમમાં સ્વયંસેવકોને સમજાવી વ્યકિતત્વ વિકાસની રાહ પર ચાલવા પ્રેરિત કરાયા હતા. કાર્યક્રમમાં સિનિયર સ્વયં સવકોએ વિવિધ થીમ આધારિત સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી હતી. જેમાં સ્કીટ, નુકકડ નાટક, પ્રાર્થના, વિવિધ નૃત્યો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે જૈમિન પટેલ, કુલદિપ રથવી, નિલંજના રાય, પિન્કલ પટેલ, વિરલ ચાવડા, પાર્થ દલવાડી, પ્રાર્થના દલવાડી, સિધ્ધ ભાવસાર, ધારા સોની, મહેશ્વરી પરમાર, રાજેશ્વરી પટેલ, જૈનિત ડેડાણિયા, અજય ગોસ્વામી, જાનકી પટેલ, આશ્કા જોષી, આંજીલ વગેરે સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી.

# ઉદગમ ચેરિટેબલ દ્વારા બે દિવસીય સીએસઆર કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના ઉદગમ ચેરિટેબલ ટ્રસ્ટ તથા નવી દિલ્હીના વિશ્વ યુવક કેન્દ્રના સંયુકત ઉપક્રમે અંકલેશ્વરના ઈનસાઈટ એસોસિએટસના સહયોગથી અમદાવાદમાં એએમએ ખાતે ‘પાથવેઝ ટુ સ્ટ્રેટેઝિક સીએસઆર : ઈન્ટ્રીગ્રેટેડ એસડીજીએસ’ વિષયે કોર્પોરેટ અને એનજીઓ માટે બે દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સ તા. ૧૯ અને ૨૦ જુલાઈના રોજ યોજવામાં આવી હતી. જેનું ઉદઘાટન વાઘબકરી ચા ગૃપના ચેરમેન પિયુષ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉદઘાટક પિયુષ દેસાઈએ જણાવ્યું હતું કે, ‘સીએસઆર ભારતના વિકાસ માટે ખૂબ




અગત્યનો માર્ગ છે. એનજીઓએ કામ કરતા રહેવું અને તે માટે કોર્પોરેટસે નાણાંકીય ભંડોળ પુરું પાડતા રહેવું જોઈએ જેથી સોનેરી દિવસો જોઈ શકાય.’ આ પ્રસંગે અતિથિવિશેષ ચિરંજીવ પટેલે ‘આઈએસઆર-ઈન્ડિવિઝ્યુઅલ સોશિયલ રિસ્પોન્સિબિલીટી’ અંગે વાત કરતા સીએસઆર, આઈએસઆર અને એનજીઓ વચ્ચે રહેલી ગેપ પુરવા મોબાઈલ એપ બનાવી રહ્યાની માહિતી આપી હતી.

સીએસઆર કોન્ફરન્સના આયોજક ઉદગમ ચેરિટેબલના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. મયુર જોષીએ બે દિવસીય કોન્ફરન્સમાં યુનાઈટેડ નેશન્સના સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલને સીએસઆર અને એનજીઓ દ્વારા પોતાના કાર્યક્રમમાં વણી લેવા તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ૨૦૩૦ સુધીમાં વિશ્વમાં એસજીડીએસના લક્ષ્યાંક સુધી પહોંચવા વ્યુહાત્મક અને રચનાત્મક જોડાણો અંગે પણ પ્રકાશ પાડયો હતો.

## વાતવાતમાં

● સે-૨૧ના શાકમાર્કેટમાં શાકભાજીના વેપારીઓ દ્વારા પોતાની ફાળવેલી દુકાનની બહારના ભાગે શાકભાજીના પાથરણા કરી દબાણ કરાતું હતું જેનાથી ગ્રાહકોને ખુબ તકલીફ પડતી હતી. તંત્ર દ્વારા કડક હાથે કામ લેવાતા આ દબાણો હટાવડાવી દેવાતા હવે શાકમાર્કેટમાં મોકળાશથી ચાલી શકાય તેવી જગ્યા થઈ જતા ગૃહિણીઓમાં આનંદ પ્રસર્યો છે.

# શું આપે મતદાર યાદીમાં આપનું નામ ચેક કર્યુ??

## મતદાર યાદીમાં ભૂલ સુધારણાની છેલ્લી તક : રવિવારે સવારે ૧૦ વાગ્યાથી મતદાનમથકે મતદાર યાદી સુધારણા ઝુંબેશનો અંતિમ તબક્કો યોજાશે

ગાંધીનગર, તા.૨૧

આગામી ડિસેમ્બર માસમાં ગુજરાતમાં વિધાનસભાની સામાન્ય ચુંટણી યોજાવાની છે. ચુંટણી પહેલા ચુંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જે અંતર્ગત આગામી તા. ૨૩મી જુલાઈ રવિવારે જે તે વિસ્તારના મતદાન મથકે સવારે ૧૦ વાગ્યાથી અંતિમ સોપાન યોજાશે. આ મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં મતદારો પોતાના નામની ચકાસણી કરી શકશે, નવા મતદારો નામની નોંધણી કરાવી શકશે, મતદાન ક્ષેત્ર બદલીને અન્યત્ર વસવાટ કરવા ગયેલા મતદારો તેમનું નામ જુની યાદીમાંથી કમી કરાવી શકશે તથા નામ, સરનામું કે અન્ય વિગતોમાં ભૂલ સુધારણા પણ કરાવી શકશે.

દર ચુંટણી વખતે અનેક મતદાન મથકો પર મતદાર યાદીમાં ભૂલો આવવાની ફરિયાદો ઉઠતી હોય છે અને જેના કારણે મતદાતાઓને મતદાનથી વંચિત રહેવું પડે છે અથવા એક થી બીજા મતદાન મથકે ભટકવું પડે છે. આ પરિસ્થિતિનું નિર્માણ ના થાય તે હેતુથી ચુંટણી પંચ દ્વારા મતદાર સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેનો અંતિમ તબક્કો આગામી તા. ૨૩મી જુલાઈ રવિવારના રોજ યોજાશે. મતદારો માટે મતદાર યાદીમાં તેમના નામ, સરનામા કે અન્ય વિગતોમાં ફેરફાર કરવાની અથવા ભૂલો હોય તો તેને સુધારણા કરવાની આ અંતિમ તક છે. દેશની લોકશાહીનો સાચો આધાર મતદાતાએ આપેલ મતદાન પર જ રહેલો છે. દરેક મતદાતાએ પોતાના મતાધિકાર અંગે જાગૃત થઈ તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે મતદાર યાદીમાં ઘરના તમામ સભ્યોનું નામ યોગ્ય રીતે સામેલ થયું હોય તેની ચકાસણી કરવી લેવી જોઈએ અને જો તેમાં ભૂલ હોય તો તેને સત્વરે સુધારી લેવી જોઈએ.

## આઈ લવ માય ગાંધીનગર



**કિરણ પંચાલ**
**વિદ્યાર્થી**

**ગાંધીનગર ગમે**
દુનિયાને આકર્ષતી સુંદરતા, આધ્યાત્મિકતા અને શિક્ષણ, કલા, સંસ્કૃતિથી મહેકતી અનેકાનેક પ્રવૃત્તિઓને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**
શિક્ષિત, સેવાભાવી અને કલાપ્રેમી નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કડી સર્વ વિશ્વવિદ્યાલય, આર્ષ-અક્ષરધામ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગર સાહિત્ય સભા, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન અને રેડક્રોસ જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
યુવાવર્ગને શહેરની ઉન્નતિ માટે કામે લગાડવામાં આવે તો નગરને અવશ્ય બહેતર બનાવી શકાય તેમ છે.

**નગર માટે હું કરી શકું**
વ્યકિતત્વ વિકાસ અને સેવાની સર્વ પ્રકારની સહાય માટે હું તત્પર છું.

# સે-૩ બી નવરાત્રી ચોક ખાતે રખડતા ઢોરોનો ત્રાસ : વસાહતીઓ હેરાન

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ વધી જવા પામ્યો છે. તંત્ર દ્વારા શહેરના માર્ગો પર તેમજ સેકટરોમાં રખડતા ઢોર માટે ઢોર પકડ પાર્ટી બનાવાઈ છે. પાર્ટી દ્વારા શહેરના વિવિધ સેકટરોમાંથી રખડતા ઢોર પકડવામાં આવે છે તેમ છતા નગર ઢોર મુકત બને તેમ લાગતુ નથી. નગરના ચોખ્ખા અને ચકાચક માર્ગો પર ઢોરોએ અડીંગો જમાવી દીધો છે. ત્યારે સેકટર-૩ બી ખાતે આવેલ ગબ્બર ચોક રખડતી ઢોરનો અડીંગો છે. ચોમાસાની સિઝનમાં છાણ અને ગોમુત્રને પગલે ગંદકી થતા મચ્છરોનો ત્રાસ વધતા સ્થાનિક વસાહતીઓ હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે. ગંદકીને પગલે સે-૩બીના નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે. ઢોર પકડી જવા માટે તંત્ર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા તંત્રના અધિકારી-કર્મચારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે. ત્યારે સે-૩ બી નવરાત્રી ચોક ખાતેથી તાત્કાલીક ધોરણે ઢોર દુર નહીં કરવામાં આવે તો સેકટરવાસીઓ ઉગ્ર આંદોલન કરશે. ત્યારે ચોમાસાની સિઝનમાં અતિશય દુર્ગંધ મારતા સ્થાનિક રહીશોનું રહેવું પણ દુષ્કર બનવા પામ્યું છે. ત્યારે તંત્ર દ્વારા તાત્કાલીક અસરથી આ ઢોરોને પકડીને ડબ્બામાં પુરવામાં આવે તેવી રહીશોની લાગણી અને માંગણી છે. તે ઉપરાંત સમગ્ર સેકટરમાં બિનજરૂરી વનસ્પતિ ઉગી નીકળી છે જેને પગલે મચ્છરો તેમજ અન્ય ઝેરી-જીવજંતુઓ હોવાથી તે પણ તાત્કાલીક અસરથી દુર કરવામાં આવે. જયારે આંતરે દિવસે સેકટરની સ્ટ્રીટ લાઈટો બંધ થાય છે જેથી વસાહતીઓને ચોરીનો ભય સતાવે છે. જયારે બાળકો ઘરની બહાર રમી પણ શકતા નથી. તો એકલી મહિલા દિકરીઓ અંધકાર હોવાથી શોપિંગ સેન્ટર ખાતે ખરીદી કરવા જવાનું પણ ટાળે છે. જેથી સેકટર-૩ ની વિવિધ સમસ્યાનો સત્વરે નિવેડો આવે તેમ રહીશો ઈચ્છી રહ્યા છે.

# એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં વાલીચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ




ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૧૯-૭-૨૦૧૭ને બુધવારના રોજ ખીમજી વિસરામ હોલમાં ધો-૧ અને ૨ની વાલીચિંતન શિબિર યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓની પ્રગતિ અને વિકાસલક્ષી માહિતી સાથે બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓ ઉજાગર કરવાના હેતુસર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. તમામ કલાકારોને શાળા તરફથી ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાના કોમ્પ્યુટર શિક્ષક ઘનશ્યામભાઈએ શાળાની મોબાઈલ એપ વિશે વાલીશ્રીઓને માહિતગાર કર્યા હતા. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે વાલીશ્રીઓને બાળકના જીવન ઘડતર અંગે સુંદર માર્ગદર્શન પુરું પાડયું હતું તથા સમગ્ર ચિંતન શિબિરનું સંચાલન શાળાના મ.શિ. શ્રી જયશ્રીબેન પટેલે કર્યું હતું.

# નિસર્ગોપચાર અવેરનેસ નિ:શુલ્ક કેમ્પ રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૨૧

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ, ગાંધીનગરનો સ્વાસ્થ્ય લાભ માટે ઉપયોગી પુસ્તક વિમોચનનો કાર્યક્રમ તથા પૂ. દીદી તથા યોગ અને નિસર્ગોપચારના નિષ્ણાત ચિકિત્સકોના વકતવ્યનો કાર્યક્રમ તા. ૨૩મી જુલાઈના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન બ્રહ્માકુમારી સેન્ટર, સે-૨૮, શોપીંગ સેન્ટર પાસે, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે તો સ્વાસ્થ્ય પ્રેમી નગરજનોને અવશ્ય લાભ લેવા હાર્દિક નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# વિશ્વકર્મા એન્જિનીયરીંગ ખાતે બે દિવસીય મેન્યુફેકચરીંગ સેમિનારનો પ્રારંભ




ગાંધીનગર, તા.૨૧

વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ, ચાંદખેડા ખાતે ‘ફંડામેન્ટલસ એન્ડ ટ્રેન્ડસ ઈન એડીટીવ મેન્યુફેકચરિંગ’ વિષય પર સ્ટુડન્ટ ચેપ્ટર આઈઈઆઈના ઉપક્રમે બે દિવસીય રાષ્ટ્રીય સ્તરના સેમિનારનું તા. ૨૧ અને ૨૨ જુલાઈના રોજ મિકેનીકલ શાખા દ્વારા આયોજન કરવામાં આવેલ છે. મુખ્ય અતિથી ચેન્નઈની વેલટેક યુનિ.ના વાઈસ ચાન્સેલર ડૉ. યુ. ચંદ્રશેખર અને અતિથિ વિશેષ આચાર્યા ડૉ. રાજુલ ગજ્જરના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. એડીટીવ મેન્યુફેકચરિંગ એ કોઈ પણ પ્રોડકટનું પ્રોટોટાઈપ બવાવવાની એવી પધ્ધતિ છે કે જેમાં શ્રીડી કોમ્પોનન્ટને ટુડી સ્તરોમાં વિભાજીત કરી આ સ્તરોને જોડીને સંપૂર્ણ પ્રોડકટ બનાવાય છે. જેનો ઉપયોગ તબીબી, ઓટોમોબાઈલ, એવિએશન જેવા વિવિધ ક્ષેત્રોમાં થાય છે. આ સેમિનારના પ્રથમ દિવસે શ્રીડી પ્રિન્ટિંગ પર ડૉ. યુ. ચંદ્રશેખર, ડૉ. સારંગ પાંડે, કેયુર પુંજાણી, ડૉ. એ.બી. ધ્રુવ અને ગુરુપ્રસાદ રાવ જેવા તજજ્ઞોએ વ્યાખ્યાન આપ્યા હતા. બીજા દિવસે ડૉ. પવનકુમાર ગુરાલા, પરેશ દેશપાંડે તથા સાગર કારીયા સંબંધિત વિષય પર વ્યાખ્યાન આપવાના છે. સેમિનારનું સંચાલન ઈન્સ્ટીટયુટ ઓફ એન્જિનિયરનાં એસ.જે. દેસાઈ, એચ.યુ. કલ્યાણી અને વિશ્વકર્મા કોલેજના પ્રો. કે.આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સેમિનારમાં વિવિધ કોલેજોના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને સ્ટાફ મેમ્બરે આ સેમિનારમાં ભાગ લીધો છે.

# સે-૩ ડીમાં પંખામાં આવી ગયેલ ઘાયલ બુલબુલને બચાવી લેવાયું

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સેક્ટર-૩-ડીમાં એક મકાનમાં બુલબુલ પંખી પંખામાં આવી જતાં ઘાયલ થયું હતુ. જેને જીવદયાપ્રેમીઓની મદદથી બચાવી લેવાયું હતું. આ બુલબુલને હાલ શહેરના સેક્ટર-૩૦માં મુક્તિધામ ખાતે દેખરેખ હેઠળ રખાયું છે. જેને સ્વસ્થ થતા જ છોડી મુકવામાં આવશે.



સેક્ટર-૩-ડીમાં રહેતા જાગૃતિ શેલતના મકાનમાં બુલબુલ પંખીના જોડીએ માળો કર્યો છે અને સરસ મજાના ત્રણ બચ્ચાઓને જન્મ પણ આપ્યો છે. આ બુલબુલની જોડીનુ નર બુલબુલ ગઈકાલે રાત્રે અચાનક રૂમમાં ફરતા પંખાની અડફેટે આવી જતા ઘાયલ થવા પામ્યુ હતુ. જે અંગે જાગૃતિબેને શહેરના જીવદયાપ્રેમીઓનો સંપર્ક સાંધ્યો હતો. આજે વહેલી સવારે ગૂંજ ફાઉન્ડેશનના સેવાભાવી યુવાનો પૃથક ઠક્કર અને દર્શન પટેલે આ બુલબુલ પક્ષીને સંભાળી સાચવી જલારામ એનીમિલ હેલ્પલાઈનના ડૉ. સ્નેહલ પ્રજાપતિ પાસે તેની સારવાર કરાવી હતી. સારવાર બાદ આ નર બુલબુલ પંખીને સ્વચ્થ થાય ત્યાં સુધી તેની યોગ્ય સારસંભાળ માટે સે. ૩૦માં મુક્તિધામ ખાતે રાખવામાં આવ્યું છે. જેને સ્વસ્થ થતા જ છોડી મુકવામાં આવશે.

# ‘ત્રિદલ’ સંસ્થનો સમાજલક્ષી કાર્યક્રમ ૨૩મીએ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી ‘ત્રિદલ’ સંસ્થાની જુલાઈ માસની બેઠક તા. ૨૩મી જુલાઈને સાંજે પાંચ વાગે ૭૯૦/એ, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સે-૨૧, ગાંધીનગર ખાતે મળશે.

બેઠકમાં જાણીતા વિચારક ડંકેશ ઓઝા સમાજ સમસ્યા અને સંવાદ વિષે વાર્તાલાપ કરશે. તો સૌ સભ્યો તથા ભાવકોને ઉપસ્થિત રહેવા પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. હરેન્દ્રકુંવર વિજયસિંહ પરમાર, ઉ.વ. ૫૯
- સ્વ. કાન્તાબા ઘનશ્યામસિંહ વાઘેલા, ઉ.વ. ૬૧